# મહેસાણા નગરપાલિકા, મહેસાણા

## જાહેરાત ક્રમાંક - /૨૦૨૪/૨૫

## <u>ત્રીજો તબક્કો</u>

મહેસાણા નગરપાલિકામાં અગ્નિશમન સેવાના કર્મચારીઓની ભરતી માટે ગુજરાત સરકાર, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, ગાંધીનગરના ઠરાવ ક્રમાંક : અગન-૧૦૨૦૧૮-૭૦-વ પાર્ટ, તા.૨૭/૦૯/૨૦૧૯ થી મંજુર થયેલ તથા કમિશ્નર, મ્યુનિસીપાલીટી એડમિનિસ્ટ્રેશનની કચેરી, ગાંધીનગરના હુકમ ક્રમાંક: કમિ.મ્યુનિ.એડી./મકમ-૧/ફા.ન.૧૬૪૨/ફાયર મહેકમ/વશી/૩૧૩૨/૨૦૧૯ તા.૦૩/૦૧/૨૦૨૦ તથા કમિ.મ્યુનિ.એડી./મહેકમ-૧/ફાયર ભરતી/વશી/૭૦૦/૨૦૨૧ તા.૦૬/૦૪/૨૦૨૧, પ્રાદેશિક કમિશ્નરશ્રી, નગરપાલિકાઓની કચેરી,ગાંધીનગર ઝોન ગાંધીનગરના હુકમ ક્રમાંક: પ્રા.કમિ./વહટ-૨/અગ્નિ.સે.ભ.બ.સુ.નિ./ મહેસાણા/વશી/૩૦૫/૨૦૨૧/૪૮૭ તા.૦૬/૦૮/૨૦૨૧ થી (નિયમોમાં સુધારા-વધારા સાથે) મંજુર થયેલ જગ્યાઓ માટે લયકાત ધરાવતા ઉમેદવારોએ તા.૧૭/૦૭/૨૦૨૪ થી તા.૧૫/૦૮/૨૦૨૪ સુધીમાં અરજી કરવાની રહેશે. ઉમેદવારો માટેની શૈક્ષણિક લાયકાતના ધોરણો આ સાથે સામેલ છે. જે નીચે મુજબની યોગ્યતા ધરાવતા ઉમેદવારોએ અરજી કરવાની રહેશે. વધુ વિગત માટે નગરપાલિકા કચેરીની મહેકમ શાખામાં સંપર્ક કરવાનો રહેશે.

| અ.નં | જગ્યાનું નામ | જગ્યાની સંખ્યા | વર્ગ | શૈક્ષણિક લાયકાત, ટેક્નીકલ લાયકાત, અનુભવ તથા વયમર્યાદા | કેટેગરી મુજબ ભરવાની થતી જગ્યાઓ | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | બિન અનામત | | અનુ. જનજાતિ | | કુલ |
| | | | | | પુ | સ્ત્રી | પુ | સ્ત્રી | |
| ૧ | **ફાયરમેન કમ ડ્રાયવર** | ૦૨ | ૩ | ➢ **<u>શૈક્ષણિક લાયકાત :-</u>**<br>(૧) સીધી ભરતીથી પસંદગીમાં નિમણુક થવા માટે માધ્યમિક શાળા પ્રમાણપત્ર પરીક્ષા એસ..એસ.સી (ધોરણ-૧૦) અથવા તેની સમકક્ષ સરકારે માન્ય કરેલ શૈક્ષણિક લાયકાત ધરાવતા હોવા જોઈએ.<br>(૨) નેશનલ ફાયર એકેડેમી, (AIILSG), વડોદરા અથવા ગુજરાત સરકાર માન્ય આઈ.ટી.આઈ માંથી ફાયરમેન / ફાયર ટેકનોલોજી અને ઇન્ડસ્ટ્રીયલ મેનેજમેન્ટ અથવા સમકક્ષ કોર્ષ સરકાર માન્ય સંસ્થામાંથી GCVT/NCVT પાસ હોવા જોઈએ.<br>➢ **<u>ટેકનીકલ લાયકાત :-</u>**<br>(૧) લાઈટ (હળવા) /હેવી મોટર વ્હીકલ લાયસન્સ ફરજીયાત હોવું જોઈએ.<br>(૨) સ્વીમીંગની જાણકારી જરૂરી છે.<br>➢ **<u>અનુભવ :-</u>**<br>ફાયર સેવાઓમાં ફાયરમેન અથવા સમકક્ષ જગા ઉપર કુલ નોકરીના એક વર્ષનો અનુભવ ધરાવતા હોવા જોઈએ.<br>**<u>વયમર્યાદા :-</u>** ૩૫ વર્ષથી વધુ નહી (નગરપાલિકાઓમાં ફરજ બજાવતા કર્મચારીને લાગુ પડશે નહી.) | ૧ | ૦ | ૧ | ૦ | ૨ |

૧. ઉપરોક્ત જગ્યાઓ માટેની અરજી જાહેરાત પ્રસિધ્ધ થયેથી તા.૧૫/૦૮/૨૦૨૪ સુધીમાં **સભ્ય સચિવ પસંદગી સમિતિ અને** ચીફ ઓફિસરશ્રી, મહેસાણા નગરપાલિકા તા.મહેસાણા, જી.મહેસાણા ખાતે ફક્ત રજીસ્ટર પોસ્ટ અથવા સ્પીડ પોસ્ટથી મોકલી આપવાની રહેશે.

૨. અરજદારે અરજી સાથે તાજેતરમાં પડાવેલ પાસપોર્ટ સાઇઝ ફોટા નંગ-૦૧, શાળા છોડ્યાનું પ્રમાણપત્ર, શૈક્ષણિક લાયકાતની સ્વપ્રમાણિત નકલ રજુ કરવાની રહેશે. અનામત વર્ગના ઉમેદવારે જાતિ અંગેનું સક્ષમ અધિકારીશ્રીનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

૩. ઉપરોક્ત તમામ જગ્યાઓ માટે અરજી સાથે બિનઅનામત વર્ગના અરજદારે રૂ.૨૫૦/- નો ડીમાન્ડ ડ્રાફ્ટ, ચીફ ઓફિસરશ્રી, મહેસાણા, નગરપાલિકાના નામથી મોકલવાનો રહેશે. અનુસુચિત જાતિ, અનુસુચિત જન જાતિ તથા શૈક્ષણિક પછાતવર્ગના તથા આર્થિક નબળા વર્ગના ઉમેદવારે પણ કોઇ ફી ભરવાની રહેશે નહિ.

૪. અરજીના કવર ઉપર જે જગ્યા માટે અરજી કરેલ હોય તે જગ્યાનું નામ સ્પષ્ટ દર્શાવવાનું રહેશે.

૫. વય મર્યાદા સરકારશ્રીના નિતિ નિયમ મુજબની રહેશે. તેમજ અનામત વર્ગના ઉમેદવારોને સરકારશ્રીના નિયમ મુજબ ઉમરમાં છુટછાટ મળવા પાત્ર થશે. અરજી સ્વીકારવાની છેલ્લી તારીખે નિયત શૈક્ષણિક લાયકાત, જરૂરી વયમર્યાદા તથા નિયત અનુભવ ધરાવતાં હોવા જોઇશે.

૬. અરજીપત્રક નગરપાલિકાની મહેકમ શાખામાંથી રૂબરૂમાં અથવા ઇ-નગર પોર્ટલ (https://enagar.gujarat.gov.in) ઉપરથી ડાઉનલોડ કરી શકાશે.

૭. અધુરી ફી, સમય મર્યાદાબાદ મળેલ અરજીઓ ધ્યાને લેવામાં આવશે નહીં અને આ અંગે કોઇ પત્ર વ્યવહાર કરવામાં આવશે નહીં.

૮. આ જાહેરાત તથા સમગ્ર ભરતી પ્રક્રિયામાં કોઇપણ કારણોસર ફેરફાર કરવાની કે સંપૂર્ણ અથવા અંશત: રદ કરવાની આવશ્યકતા ઉભી થાય તો તેમ કરવાની તથા પસંદગી કરવી કે ન કરવી તે અંગે નગરપાલિકાનો સંપૂર્ણ અબાધિત હક્ક / અધિકાર રહેશે. નગરપાલિકા આ માટે કોઇ કારણો આપવા માટે બંધાયેલ રહેશે નહિ.

૯. અનામત વર્ગના ઉમેદવાર સામાન્ય જગ્યા ઉપર અરજી કરે છે તો અનામતના કોઇ લાભ મળવાપાત્ર રહેશે નહિ. અને સામાન્ય વર્ગના ઉમેદવાર તરીકેની શરતો લાગુ પડશે.

૧૦. માન્ય તમામ સંવર્ગના ઉમેદવારોની સ્પર્ધાત્મક પરીક્ષા લેવામાં આવશે. પરિક્ષાનો અભ્યાસક્રમ નિયામકશ્રી, અગ્નિશમન સેવા દ્વારા નિયત કર્યા મુજબનો રહેશે. જે અંગેની જાણ માન્ય ઉમેદવારોને અલગથી કરવામાં આવશે.

૧૧. સરકારશ્રીની નીતિ અનુસાર વર્ગ-(૩ )સંવર્ગના કર્મચારીઓની પ્રથમ નિમણૂંક ૫ (પાંચ) વર્ષના ફીક્સ પગારથી કરવામાં આવશે. વર્ગ-(૩) સંવર્ગના કર્મચારીઓનો કરારીય સમયગાળો પૂર્ણ થયેથી તેઓને નગરપાલિકાના પ્રવર્તમાન ધારાધોરણ અનુસાર પગાર-ભથ્થા મળવાપાત્ર થશે.

૧૨. ફાયર મહેકમની જગ્યા ઉપર લાયકાત ધરાવતા માન્ય ઉમેદવારોએ મંજુર થયેલ ભરતી-બઢતીના નિયમો મુજબની શારીરિક ક્ષમતા ધરાવતા હોવા જોઈએ. જેની શારીરિક કસોટી પાસ કરવાની રહેશે. (જાહેરાતમાં જણાવેલ જગ્યાઓના શારીરિક કસોટીના માપદંડો નગરપાલિકાની વેબસાઈટ www.mehsananagarpalika.org ઉપર થી ડાઉનલોડ કરી શકાશે.

૧૩. શારીરિક કસોટીમાં પાસ થનાર ઉમેદવારોની લેખિત પરીક્ષા લેવામાં આવશે. જેનો અભ્યાસક્રમ નગરપાલિકાની વેબસાઈટ ઉપર મુકવામાં આવશે.

**(સહી)**
**સભ્ય સચિવ પસંદગી સમિતિ**
**અને ચીફ ઓફિસર**
**મહેસાણા નગરપાલિકા**

**જા.નં.**
**તા. ૧૬/૦૭/૨૦૨૪**
**સ્થળ:- મહેસાણા**